# ગુજરાતની મહિલાને અભય બનાવતી



CALL 181

## મહિલા હેલ્પલાઇન

સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન



# એક અભિનવ હેલ્પલાઇન સેવા

## અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પલાઇન અમલીકરણ માળખું

**અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પલાઇન**

- હેલ્પલાઇન ટીમ
  - શહેરી તેમજ જિલ્લા રેસ્ક્યુવાન ટીમ
- મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ

- રાજ્ય મહિલા આયોગ
- પીડબલ્યુડીવીએ-૨૦૦૫ હેઠળની સર્વિસ પ્રોવાઇડર સંસ્થા
- સ્વૈચ્છિક સંસ્થા
- આશ્રયગૃહ
- મેડિકલ ફેસીલીટી (આરોગ્ય સેવા)
- કુટુંબ સલાહ કેન્દ્ર
- પોલીસ સહાય /પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર
- કાનૂની સલાહ કેન્દ્ર

**દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી**







G R C AHMEDABAD

GUJARAT POLICE

## મહિલા હેલ્પલાઈનની સેવાનો ઉપયોગ કોણ કરી શકે?

- કોઈ પણ કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે.
- મહિલાને મદદરૂપ બનનાર કોઈ પણ પુરૂષ આ સેવાનો ઉપયોગ કરી શકે છે.
- રાજ્યમાં હિંસાનો ભોગ બનેલી અન્ય રાજ્યની મહિલા આ સેવાનો લાભ મેળવી શકે છે.

## મહિલાઓને કઈ-કઈ બાબતોમાં મદદ/માર્ગદર્શન અપાય છે?

- મહિલા સાથે થતી હિંસા (શારીરિક, જાતીય, માનસિક, આર્થિક તેમજ કાર્યના સ્થળે જાતીય સતામણી)
- લગ્ન જીવન તેમજ અન્ય સંબંધોના વિખવાદો
- જાતીય સતામણી, છેડતી અને બાળ જન્મને લગતી બાબતો (સ્ત્રી ભ્રુણહત્યા)
- કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી
- સાયબર ગુનાઓ (ટેલીફોનીક ટોકિંગ, ચેટીંગ, એમ.એમ.એસ., ઇન્ટરનેટ)
- સરકારી કાર્યક્રમ, યોજનાઓ, સેવાઓ અને સહાયક માળખાઓ અંગેની માહિતી

## મહિલાઓને કયા-કયા પ્રકારની મદદ મળે છે?

**ફોન પર માર્ગદર્શન, સલાહ-સૂચન**

- કોઈ પણ પ્રકારના મુશ્કેલ સંજોગોમાં મુકાયેલી મહિલા ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરી, પોતાની તકલીફોનો ઉકેલ લાવવા બાબતે તાલીમબદ્ધ કાઉન્સેલરો અને નિષ્ણાતો દ્વારા ટેલીફોનીક માર્ગદર્શન મેળવી શકે છે.

**હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ**

- જો કોઈ મહિલા ઘરેલુ અથવા અન્ય પ્રકારની હિંસાનો ભોગ બની રહી હોય અથવા તેને એવો ભય હોય તો તે અભયમ્ ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરી તાત્કાલિક મદદ મેળવી શકે છે. આ સ્થિતિમાં જરૂર જણાયે ૧૮૧ રેસ્ક્યુવાન એ મહિલાની મદદે પહોંચી જાય છે.
- જો કોઈ મહિલાને હિંસાનો ડર હોય તો તેને સલામત સ્થળે જવા માટે આ હેલ્પલાઈન દ્વારા રેસ્ક્યુવાનની મદદ મેળવી શકે છે.

**ટૂંકા ગાળાનું અને લાંબા ગાળાનું કાઉન્સેલીંગ (સલાહ)**

- મહિલાઓને તેમની સમસ્યા સંદર્ભે તાલીમબદ્ધ કાઉન્સેલરો દ્વારા ટૂંકા ગાળાનું કાઉન્સેલીંગ.
- મહિલાઓની સમસ્યાના સંદર્ભે સ્થાનિક સ્તરે જાહેર કરેલ સંસ્થાઓ દ્વારા તેમજ વિશેષ સંજોગોમાં નિષ્ણાતો દ્વારા લાંબા ગાળાનું કાઉન્સેલીંગ.

**મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી**

- રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલી યોજનાઓ, તેના લાભો અને સંપર્કની વિગતો મેળવી શકાય છે.
- કોઈ પણ મહિલા હેલ્પલાઈન ઉપર ફોન કરીને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ વિવિધ સરકારી માળખાઓની સેવાઓ જેવી કે મહિલા પોલીસ સ્ટેશન, પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર, મફત કાનૂની સહાય, કુટુંબ સલાહ કેન્દ્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ, રક્ષણ અધિકારી અને ગુજરાત રાજ્ય મહિલા આયોગની સેવાઓની માહિતી મેળવી શકે છે.

**આ સેવા સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે**

**અભયમ્ 'રેસ્ક્યુવાન' દ્વારા જરૂરિયાતમંદ મહિલાને તાત્કાલિક સહાય અને સેવાઓ આપવામાં આવે છે.**



**આ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે.**



**અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ૨૪ X ૭ કલાક નિઃશુલ્ક (ટોલફ્રી) સંપર્ક કરી શકાય છે.**



**આ હેલ્પલાઈનને રાજ્યની અન્ય હેલ્પલાઈન જેવી કે પોલીસ હેલ્પલાઈન-૧૦૯૧, ચાઈલ્ડ હેલ્પલાઈન -૧૦૯૮, મહિલા આયોગની હેલ્પલાઈન-૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ સાથે પણ જોડવામાં આવેલ છે.**



/181-Abhayam
/181-Abhayam

પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ
Y-475 - 50,000 - 2-2018